# જામનગર જિલ્લાના સાગરકાંઠા વિસ્તારમાં મરીન કમાન્ડોનું પેટ્રોલિંગ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વેસ્ટ એશિયામાં પ્રવર્તી રહેલી તણાવપૂર્ણ ભૂરાજકીય પરિસ્થિતિ વચ્ચે દેશની દરિયાઈ સુરક્ષાને લઈને સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ સઘન કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તા. ૨૪ ઓગસ્ટના રોજ રોઝી બંદર, નવા-જૂના બેડી બંદર, માધાપર ભુંગા, જોડિયા ભુંગા સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં મરીન કમાન્ડોની ટીમોએ પગપાળા પેટ્રોલિંગ કરી સઘન ચકાસણી હાથ ધરી હતી. દરિયાઈ માર્ગે ગેરકાયદેસર પ્રવૃત્તિ, ઘૂસણખોરી, હથિયારો કે નશીલા પદાર્થોની હેરાફેરી સહિતની કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિને અટકાવવાના હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર જી.એમ. બોપલિયા સહિત મરીન કમાન્ડોની ટીમોએ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કર્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન દરિયાકાંઠા નજીકની શંકાસ્પદ હિલચાલ, અજાણી વ્યક્તિઓ, બોટો તેમજ અન્ય પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. આ ઉપરાંત ફિશ લેન્ડિંગ પોઈન્ટ, માછીમારી કેન્દ્રો, જેટીઓ, ઔદ્યોગિક સ્થાપનો તથા અવાવરું અને નિર્જન વિસ્તારોમાં પણ સઘન તપાસ કરવામાં આવી હતી. મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમોને ચોક્કસ વિસ્તારોની જવાબદારી સોંપી સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોની મુલાકાત લઈ માછીમારો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો. દરિયામાં કે દરિયાકાંઠે કોઈ અજાણી બોટ, અજાણી વ્યક્તિ અથવા શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા માછીમારોને અપીલ કરવામાં આવી હતી.

## સલાયા કન્યા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વિશ્વ સિંહ દિવસ નિમિતે રેલી




સલાયા : વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સલાયા કન્યા શાળાની ૨૫૦ વિદ્યાર્થીનીઓએ સિંહ સંરક્ષણ માટે જાગૃતિ રેલી યોજી હતી. આ રેલી સલાયાના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ હતી, જેમાં વિદ્યાર્થીનીઓએ સિંહના મુખડા પહેરી 'સિંહ બચાવો'ના નારા લગાવ્યા હતા. દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ મનાવવામાં આવે છે, જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે. સમગ્ર એશિયા ખંડમાં ગુજરાતનું ગીર અભયારણ્ય જ એશિયાઈ સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન છે. આ દિવસની ઉજવણી ૨૦૧૩માં શરૂ થઈ હતી, જેનો મુખ્ય હેતુ સિંહોના સંરક્ષણ અને તેમની ઘટતી જતી વસ્તી પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.ગુજરાત સરકાર અને વન વિભાગના સઘન પ્રયાસોને કારણે એશિયાઈ સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વન વિભાગના અંદાજ મુજબ, હાલ તેમની સંખ્યા વધીને લગભગ ૮૦૦ જેટલી થઈ ગઈ છે. આ જાગૃતિ રેલીનું આયોજન સલાયા કન્યા શાળા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને શિક્ષકગણના સહયોગથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો, જેમાં ૨૫૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## મોજપ ગામે રાષ્ટ્રના રક્ષકોને બહેનોએ બાંધ્યું રક્ષાકવચ







તસવીર : બુધાભા ભાટી

દ્વારકા : રક્ષાબંધન એટલે માત્ર કાંડા પર બંધાતો રક્ષાસૂત્ર નહી, પરંતુ ભાઈ-બહેનના અતૂટ સ્નેહ, વિશ્વાસ અને રક્ષણના સંકલ્પનો પવિત્ર તાંતણો. જ્યારે આ તાંતણો દેશની રક્ષા માટે સરહદ પર ખડેપગે રહેતા જવાનોના કાંડા પર બંધાય ત્યારે તેમાં દેશદાઝ, દેશભક્તિ અને લાગણીનું અનોખું સંગમ સર્જાય છે. આવો જ હૃદયસ્પર્શી માહોલ દ્વારકાના મોજપ ખાતે જોવા મળ્યો હતો.

રક્ષાબંધન પર્વ પૂર્વે સોનરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ-ઓખાની બહેનોએ મ્જીજ્ઞના જવાનોને રક્ષાસૂત્ર બાંધી અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. દેશની રક્ષા માટે પોતાના પરિવારથી દૂર રહી ફરજ બજાવતા જવાનોને બહેનોએ રાખડી બાંધી જાણે કહી દીધું કે, "તમે દેશની રક્ષા કરો છો, ત્યારે આખો દેશ તમારો પરિવાર છે."

મોજપ ખાતે યોજાયેલા આ લાગણીસભર કાર્યક્રમમાં મ્જીજ્ઞના કમાન્ડર અધિકારી નિશિત ઉપાધ્યાય સહિત જવાનો ઉપસ્થિત રહ્યા હતા. બહેનોના હાથે રક્ષાસૂત્ર બંધાવાની ક્ષણે જવાનોમાં પણ પોતાના પરિવારની હૂંફ અને સ્નેહની લાગણી જોવા મળી હતી. રક્ષાબંધનના પવિત્ર તાંતણે સરહદના રક્ષકો અને સમાજ વચ્ચેના સ્નેહનું અતૂટ બંધન વધુ મજબૂત બનાવ્યું હતું.

સોનરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ-ઓખાના ટ્રસ્ટી સોનલ પીઠીયા, કુંતાબેન દાઠીયા તેમજ હીનાબેન જોષી, કસ્તુરબેન ખુદાઈ, લક્ષ્મીબેન જોષી, રીમાબેન લશ્કરી, અર્ચનાબેન ખુશવાહ, ગંગાબેન, તુલસીબેન સહિતની મહિલા કાર્યકરો ઉપસ્થિત રહી હતી.

આ પ્રસંગે કમાન્ડર નિશિત ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ રીતે રક્ષાબંધનની ઉજવણીનો અનુભવ તેમના માટે પ્રથમ વખત રહ્યો છે. બહેનો દ્વારા આપવામાં આવેલો સ્નેહ અને લાગણી જવાનો માટે ખૂબ જ યાદગાર રહેશે. તેમણે દેશની સેવા માટે અંતિમ શ્વાસ સુધી તત્પર રહેવાની ભાવના વ્યક્ત કરી સોનરક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ-ઓખાની બહેનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ઓખાના સામાજિક કાર્યકર વિશાલ પીઠીયાએ જહેમત ઉઠાવી હતી.

### મોડર્નાઈઝેશન વિધાઉટ વેસ્ટર્નાઈઝેશનનો નવતર પ્રયોગ

# જામનગરમાં પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા નિઃશુલ્ક વાસણ સહકારી બેન્કનો આરંભ



જામનગર : જામનગરના સ્થાપના દિવસે શહેરની 'ધરોહર' સંસ્થા દ્વારા 'મોડર્નાઈઝેશન વિધાઉટ વેસ્ટર્નાઈઝેશન' એટલે કે પશ્ચિમી અનુકરણ વગરની આધુનિકતાના સિદ્ધાંતને અપનાવીને પર્યાવરણને બચાવવાના ભાગરૂપે પ્લાસ્ટિકનો ઉપયોગ અને તેનાથી થતા પ્રદૂષણને ઘટાડવા માટે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. શહેરમાં પ્રથમ વખત નિઃશુલ્ક 'શ્રી વાસણ સહકારી બેન્ક' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ પ્રકલ્પ હેઠળ લોકો લગ્નપ્રસંગ, સામાજિક તથા અન્ય પ્રસંગોએ જરૂરિયાત મુજબના વાસણો નિઃશુલ્ક મેળવી શકશે અને ઉપયોગ કર્યા બાદ વાસણોને સ્વચ્છ કરીને પરત જમા કરાવવાના રહેશે. આ પહેલથી 'યુઝ એન્ડ થ્રો'ની પ્રથા અને પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

ગત શ્રાવણ સુદ સાતમ, તા. ૧૯ ઓગસ્ટે છોટી કાશી ગણાતા જામનગરના ૪૮૭મા સ્થાપના દિવસે, શહેરની સ્થાપનાની થાંભલીનું 'ધરોહર' સંસ્થાના અગ્રણીઓ અને સંયોજક કમલભાઈ દવે, નિર્મળસિંહ જાડેજા, એડવોકેટ હિતેનભાઈ ભટ્ટ સહિતનાઓએ પૂજન કર્યું હતું. ત્યારબાદ લાલબંગલા સર્કલ ખાતે આવેલી દેશના પ્રથમ સર સેનાપતિ રાજેન્દ્રસિંહજીની પ્રતિમા પાસે પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે 'ધરોહર' સંસ્થા દ્વારા 'શ્રી વાસણ સહકારી બેન્ક' નામના આ પ્રકલ્પનો આરંભ કરવામાં આવ્યો હોવાની જાહેરાત કરવામાં આવી હતી. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે આધુનિકતા અપનાવવાની સાથે પશ્ચિમી 'યુઝ એન્ડ થ્રો' સંસ્કૃતિથી દૂર રહીને પર્યાવરણલક્ષી જીવનશૈલી વિકસાવવાના ઉદ્દેશ્યથી આ પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે.

પ્રકલ્પને સાકાર કરવા માટે શહેરના વિવિધ જ્ઞાતિ અને સમાજોના આગેવાનોનો સંપર્ક કરીને સંકલન સાધવામાં આવ્યું છે. પ્રોજેક્ટની મુખ્ય જવાબદારી કમલભાઈ દવે સંભાળી રહ્યા છે.

આ પ્રકલ્પને આકાર આપવા ગુરુ દત્તાત્રેય પ્રભાત શાખાના પ્રેમજીભાઈ ડાભી, વૃજલાલભાઈ પાઠક, પિનલ હસુભાઈ કોઠારી, પૂર્વ ડીજીપી અને પૂર્વ સેશન્સ જજ અશોકભાઈ નંદા, જુનાગઢના પ્રભારી તથા પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દાસાણી તેમજ આહિર સમાજના પ્રમુખ એડવોકેટ રણમલભાઈ કાંબરીયા સહિતના આગેવાનો જોડાયા હોવાનું જાણવા મળે છે.

આગામી દિવસોમાં 'શ્રી વાસણ સહકારી બેન્ક'ની કામગીરી, વાસણ મેળવવાની પ્રક્રિયા અને અન્ય વ્યવસ્થાઓ અંગે વિગતવાર જાહેરાત કરવામાં આવશે, તેમ ધરોહર સંસ્થા દ્વારા જણાવાયું છે. ઉપરાંત આ કાર્ય માટે સેવા ઈચ્છતા યુવાનો અને વરિષ્ઠ નાગરિકોએ જામનગર માં વિરલબાગમાં લાગતી શ્રી ગુરુદત્તાત્રેય પ્રભાત શાખા પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

જામનગરમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ની શાખા અને પ્રાર્થના બાદ જે ચર્ચા વિમર્શ (નેગેટિવ) આવી ચર્ચાઓના બીજથી અનેક સેવા પ્રકલ્પ ચાલે છે. શ્રી ગુરુ દત્તાત્રેય પ્રભાત શાખા વિરલબાગમાં સવારે ૬.૩૦ થી ૭.૩૦ એમ એક કલાક લાગે છે, અને દર રવિવારે ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા સુધી એકત્રીકરણ થાય છે.

## સિક્કા ટીપીએસ ખાતે સ્વતંત્ર દિવસની ઉજવણી




સિક્કકા : સ્વતંત્રતા દિવસની સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન ક્લબ સિક્કા દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંકુલના વડા મુખ્ય ઈજનેર એચ.ડી.મુંધવા, સુપ્રી. એન્જી. એન.આર.પટેલ, ડી કે વસાવા, બી એ પરમાર, ઈન્ચાર્જ સુપ્રી. એન્જી. બી ડી સનારીયા, આર જી બાબરીયા, ઈન્ચાર્જ ડી.જી.એમ. ટી.એમ.ઠાકરિયા, મેડિકલ ઓફિસર ડો. તનમય જે.રાદડિયા સી.આઈ.એસ.એફ. આસી. કમાન્ડર સૌરભસિંગ રાઠોડ, સી.આઈ.એસ.એફ. ઈન્સપેક્ટર વિનિતકુમાર અન્ય ઉચ્ચ અધિકારીગણ, યુનીયનના હોદેદારો, શાળાના શિક્ષકો, કર્મચારીમિત્રો, બાળકો, પરિવારજનો અને સી.આઈ.એસ.એફ. ના જવાનો તેમજ પરીવાર ના સભ્યો હાજર રહેલ. કાર્યક્રમમાં સંકુલના વડા એચ.ડી.મુંધવા દ્વારા વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી ત્યાર બાદ ધ્વજવંદન કરી પ્રાસંગિક ઉદબોધન કરેલ. સી.આઈ.એસ.એફ.ના જવાનો દ્વારા પરેડ રજુ કરેલ અને શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમ સ્પોર્ટ્સ એન્ડ રિક્રિએશન ક્લબના સેક્રેટરી વાય.બી. જાડેજા ,ડી.જી. બારડ, બી.આઈ.ગઢવી, વીમલભાઈ રાજ્યગુરુ, પી. એમ.જેઠવા, આર.એન જાડેજા, જે.આર.કંચવા, આર.ડી.હનોરા, ડી.એમ.ઝાલા, ધવલ નાગાણી, ડી.એચ.નકુમ, સી. જે.રાણા ક્લબ કમિટી મેમ્બર દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરેલ નયન જોષી દ્વારા સંકલન કરવામાં આવેલ તેમ એન.ડી.ત્રીવેદીની યાદીમાં જણાવેલ છે.

## દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ શીવણ વર્ગનો સેવા મહાયજ્ઞ



દ્વારકા : શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત મહિલાઓ દ્વારા દ્વારકેશ સારવાર કેન્દ્રના ફર્સ્ટ ફ્લોર પર છેલ્લા ૨૫ વર્ષથી સીવણ વર્ગ ચલાવવામાં આવે છે. જેમાં ખૂબ મોટી સંખ્યામાં બહેનો જોડાઈ છે.નજીવા ટોકન ચાર્જની મદદથી અનેક વસ્તુઓ તૈયાર કરી આપવામાં આવી છે.

જેમાં ઠાકોરજીના વાઘા,સાડી-પીતાંબર-બેડશીટના ફોલ છેડા,પાષાબંડી, દોરીની મદદથી મોબાઈલ કવર,મોતીની મદદથી પર્સ,બટવા, ડ્રેસ, થેલી, થેલા,સાડી કવર વગેરે તૈયાર કરી આપવામાં આવે છે. વેચાણ માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.કિશોરીબેન વાયડા અને હસુમતીબેન ઠાકરની ટીમ દ્વારા આ અવિરત કામગીરી ચાલી રહી છે.

## ધ્રોલના ભૂચરમોરીના મેદાનમાં તેરસ-ચૌદસ-અમાસના લોકમેળો યોજાશે

### ભૂચરમોરી મેળાની સફળ હરાજીથી તિજોરીમાં રુ. ૨૫.૧૦ લાખની જંગી આવક




ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) :ધ્રોલના સુપ્રસિદ્ધ અને ઐતિહાસિક ભૂચરમોરીના મેદાન ખાતે વર્ષોથી પરંપરાગત રીતે યોજાતા ત્રણ દિવસીય લોકમેળાના આયોજન માટે ધ્રોલ નગરપાલિકા દ્વારા જાહેર હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ વખતે પાલિકા દ્વારા મેળાના સમગ્ર લેઆઉટ મુજબ મુખ્ય આયોજક-સંચાલકની નિમણૂંક કરવા માટે ખાસ ફોર્મ્યુલા આધારિત હરાજી રાખવામાં આવી હતી, જેમાં મોરબીની એજન્સીએ સૌથી ઊંચી બોલી લગાવીને સંચાલનનો ઈજારો મેળવ્યો છે.

ભૂચરમોરીના મેદાન ખાતે યોજાયેલી આ જાહેર હરાજીમાં કુલ ૪ અનુભવી આયોજકોએ ભાગ લીધો હતો. ચારેય પક્ષકારો વચ્ચે થયેલી તંદુરસ્ત સ્પર્ધાના અંતે સૌથી ઊંચો ભાવ બોલનાર મોરબીની જાણીતી પેઢી અમર એન્ટરપ્રાઈઝને લોકમેળાના સંચાલક તરીકે જાહેર કરવામાં આવી હતી. આ સફળ હરાજીથી ધ્રોલ નગરપાલિકાની તિજોરીમાં રુ. ૨૫.૧૦ લાખની વિક્રમજનક આવક જમા થશે. હરાજીના નિયમો અને શરતો મુજબ, મેળાના સમગ્ર આયોજન, મનોરંજન સાધનો, સ્ટોલ્સ અને સંચાલનનો તમામ ખર્ચ સંબંધિત એજન્સીએ કરવાનો રહેશે.

જ્યારે મેળામાં ઉમટી પડતી હજારો લોકોની જનમેદનીને કોઈ અસુવિધા ન થાય તે માટે પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા અને સમગ્ર મેળા ગ્રાઉન્ડની સફાઈ વ્યવસ્થા ધ્રોલ નગરપાલિકા પોતાના હસ્તક રાખશે. તેરસ, ચૌદસ અને અમાસના દિવસોમાં જામશે લોકસંસ્કૃતિનો મેળાવડો ભૂચરમોરીના ઐતિહાસિક રણમેદાનમાં આગામી તેરસ, ચૌદસ અને અમાસ એમ ત્રણ દિવસ સુધી આ લોકમેળો ધામધૂમથી ઉજવાશે. આ હરાજી પ્રક્રિયા દરમિયાન ધ્રોલ નગરપાલિકાના પ્રમુખ વિનુભાઈ વાઘેલા, ચીફ ઓફિસર ગીરીશભાઈ સરૈયા, પાલિકાના ચૂંટાયેલા સભ્યો, પદાધિકારીઓ તેમજ નગરપાલિકાનો કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે પૂર્ણ કરવાંમા આવી હતી.

### વનતારાએ સીઆઈટીઈએસના પૂર્વ સેક્રેટરી

# જોન ઈ સ્કેનલોન ગર્વનિંગ કાઉન્સિલના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે નિમણૂક



જામનગર (ગુજરાત) : વનતારા એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે તેની નવી સ્થપાયેલી પાંચ સભ્યોની ગર્વનિંગ કાઉન્સિલના પ્રારંભિક અધ્યક્ષ તરીકે સેવા આપવાનું આમંત્રણ જોન ઈ. સ્કેનલોન AOએ સ્વીકાર્યું છે. વનતારાના સંરક્ષણ, સંભાળ અને પુનર્વસન, તથા અનુપાલન (કમ્પ્લાયન્સ) પ્રવૃત્તિઓની દેખરેખ રાખવાની એકંદર જવાબદારી આ ગર્વનિંગ કાઉન્સિલની છે, જેમાં દરેક પ્રાણીની પ્રાપ્તિ (એક્વાયર કરવા) અંગેના અંતિમ નિર્ણયની સત્તા પણ સામેલ છે.

"વનતારાએ તેની કામગીરીને રીસેટ કરવા માટે સાહસિક પગલાં ભરવાની સાથે બાહ્ય નિષ્ણાતોની પણ સલાહ માંગી છે, મેળવી છે અને તે મુજબ કામ કર્યું છે. આ બદલાવ કરતી વખતે, તેણે સ્વેચ્છાએ તેની આંતરિક ડ્યુ ડિલિજન્સ ગવર્નન્સ, નિપૂણતા અને પ્રક્રિયાઓને મજબૂત કરવા તેમજ એક્સ-સિચ્યુ એટલે કે કુદરતી નિવાસસ્થાન બહાર રેસ્ક્યૂની કામગીરીથી આગળ વધીને ભારત સહિત અન્ય દેશોને ઈન-સિચ્યુ એટલે કે કુદરતી નિવાસસ્થાનમાં સપોર્ટ આપવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો છે," તેમ સ્કેનલોને જણાવ્યું હતું.

"વનતારાનો વિકાસ થશે અને તે આ ફેરફારોને તેની દૈનિક કામગીરી સાથે વણી લેશે, તેમ તેમ પ્રાણી કલ્યાણ, વન્યજીવ સંરક્ષણ અને સુમેળભર્યા સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવા પર તેની વૈશ્વિક અસર સતત વધતી જશે. હું વનતારાને તેના રીસેટ પ્લાનને સાકાર કરવામાં મદદ કરવા અને લાંબા ગાળાની, પરિવર્તનકારી અસર ઊભી કરવા આતુર છું," તેમ શ્રી સ્કેનલોને ઉમેર્યું હતું.

સ્કેનલોન પર્યાવરણ સુરક્ષા, પ્રકૃતિ જતન અને સતત વિકાસના મોરચે દરેક ખંડ અને ક્ષેત્રમાં કામ કરવાનો બહોળો અનુભવ અને નિપૂણતા ધરાવે છે, જેને તેઓ પોતાની સાથે વનતારામાં લઈ આવે છે. વ્યવસાયે વકીલ એવા સ્કેનલોને ખાનગી ક્ષેત્ર, સરકારી ક્ષેત્રો, સંયુક્ત રાષ્ટ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને સખાવતી સંસ્થાઓમાં વરિષ્ઠ નેતૃત્વના હોદ્દા સંભાળ્યા છે, અને તેમની વ્યૂહાત્મક દ્રષ્ટિ તથા પરિવર્તનકારી, વાસ્તવિક કામગીરી કરવાની ક્ષમતા માટે તેઓ વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠા ધરાવે છે.

સ્કેનલોનનો પ્રથમ વખત આ વર્ષના એપ્રિલમાં વનતારા દ્વારા સંપર્ક કરાયો હતો. તે સમયે તેમને વનતારા પર એક સ્વતંત્ર અહેવાલ અને ભલામણોનો સેટ તૈયાર કરવા જણાવાયું હતું. વનતારાથી પોતાની કામગીરીની સંપૂર્ણ સ્વતંત્રતા સુનિશ્ચિત કરતી શરતો પર તેમની સાથે જોડાણ કરાયું હતું અને કેટલાક વ્યાપક પ્રવાસો પછી, તેમણે એક સ્વતંત્ર અહેવાલ અને ભલામણો પ્રસ્તુત કરી હતી. વનતારાએ તેમની ભલામણોનો સંપૂર્ણ અમલ કરવાનું વચન આપ્યું હતું, અને ત્યારબાદ આ ભલામણોના અમલીકરણમાં વનતારાને મદદ કરવા તેમજ વધુ વ્યાપકપણે માર્ગદર્શન અને સહાયતા પૂરી પાડવા તેમને સ્વતંત્ર પ્રભાર સાથે આગળની ભૂમિકાઓ અદા કરવા વિનંતી કરાઈ હતી. ગર્વનિંગ કાઉન્સિલના અધ્યક્ષ તરીકેની તેમની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે સ્કેનલોનની એક સ્વતંત્ર સલાહકાર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

સ્કેનલોનને ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથેની ભૂમિકાઓ દ્વારા વન્યજીવ સંરક્ષણ અને સુરક્ષા માટેની વિશિષ્ટ સેવા બદલ પ્રતિષ્ઠિત 'ઓફિસર ઓફ ધ ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયા'થી નવાજવામાં આવ્યા હતા. તેમને એડિલેડ યુનિવર્સિટી ડિસ્ટિંગ્વિશ્ડ એલ્યુમની એવોર્ડ, પ્રતિષ્ઠિત ચાઈનીઝ ગવર્નમેન્ટ ફ્રેન્ડશિપ એવોર્ડ, ફાઈનાન્સિયલ ક્રાઈમ ફાઈટર ઓફ ધ યર એવોર્ડ, અને યુએનઈપી બાઓબાબ એવોર્ડ ફોર ઈનોવેશન પણ એનાયત કરાયા છે. સ્કેનલોનની ભૂતકાળની અને વર્તમાન ભૂમિકાઓની વિગતો આ મુજબ છેઃ સેક્રેટરી જનરલ, કન્વેન્શન ઓન ઈન્ટરનેશનલ ટ્રેડ ઈન એન્ડેન્જર્ડ સ્પીસીઝ ઓફ વાઈલ્ડ ફોના એન્ડ ફ્લોરા (જીનેવા); પ્રિન્સિપલ પોલિસી એડવાઈઝર, યુએન એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (નાઈરોબી); ડિરેક્ટર, એન્વાયર્નમેન્ટલ લો સેન્ટર, ઈન્ટરનેશનલ યુનિયન ફોર ધ કન્ઝર્વેશન ઓફ નેચર-ઝ્દ્ધ (બોન); ટ્રસ્ટી, રોયલ બોટેનિક ગાર્ડન્સ ક્યુ (લંડન); ચેર, ગ્લોબલ ઈનિશિયેટિવ ટુ એન્ડ વાઈલ્ડલાઈફ ક્રાઈમ (હોંગકોંગ); ચેર, યુકે ગવર્નમેન્ટ ઈલ્લીગલ વાઈલ્ડલાઈફ ટ્રેડ ચેલેન્જ ફંડ એડવાઈઝરી ગ્રુપ (લંડન); એક્ઝિક્યુટિવ પ્રેસિડેન્ટ, ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ એન્વાયર્નમેન્ટલ લો (મેડ્રિડ); સ્ટ્રેટેજિક એડવાઈઝર, વર્લ્ડ કમિશન ઓન ડેમ્સ (કેપ ટાઉન); સીઈઓ, ડિપાર્ટમેન્ટ ફોર એન્વાયર્નમેન્ટ, હેરીટેજ એન્ડ એબોરિજિનલ અફેર્સ (એડિલેડ); ચેર, એન્વાયર્નમેન્ટ પ્રોટેક્શન ઓથોરિટી (સિડની); કમિશનર, મુરે ડાર્લિંગ બેસિન કમિશન (કેનબેરા); અને મેમ્બર, સ્ટીયરિંગ કમિટી, IUCN વર્લ્ડ કમિશન ઓન એન્વાયર્નમેન્ટલ લો.

## દ્વારકાના સોમેશ્વર મહાદેવને શ્રાવણ માસમાં વિશિષ્ટ શૃંગાર દર્શન



દ્વારકા યાત્રાધામમાં શ્રાવણ માસના દ્વિતિય સોમવારે શિવાલયોમાં વિશિષ્ટ શૃંગાર મનોરથ દર્શનો યોજાયા હતા. દ્વારકાના જલારામ મંદિર નજીક બિરાજમાન સોમેશ્વર મહાદેવ મંદિરે પણ શ્રાવણ માસના બીજા સોમવારે વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા જેનો બહોળી સંખ્યામાં શિવભકતોએ લાભ લીધો હતો.

## અવસાન નોંધ

જામનગર : જામનગર નિવાસી મનોજ રસિકલાલ પાટલીયા (ઉ.૫૫) તે સ્વ.રસિકલાલ હરીદાસ પાટલીયાનાં પુત્રનું તા.૨૫/૮/૨૦૨૬ને મંગળવારે અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તા. ૨૬/૮ને બુધવારે સાંજે ૪:૩૦ થી ૫ દરમ્યાન શ્રી વાઘેશ્વરી મંદિર, ચાંદી બજાર, જામનગરમાં ભાઈઓ તથા બહેનો માટે રાખવામાં આવ્યું છે. લૌકિક ક્રિયા બંધ રાખવામાં આવી છે.

# જામનગરમાં આવાસ વિસ્તારમાં ચાલતી ગેરપ્રવૃતિ સામે પોલીસનું સઘન ચેકીંગ

## મોહનનગર, લાલવાડી, કૌષનગર અને સાધના કોલોની આવાસ વિસ્તારોમાં શંકાસ્પદ હિલચાલ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ તેમજ બહારથી આવીને વસવાટ કરતા લોકો અંગે જરૂરી માહિતી એકત્ર કરાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્દઢ બને તેમજ આવાસ વિસ્તારોમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ આવે તે માટે સિટી-એ ડિવિઝન પોલીસ દ્વારા સઘન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પીઆઈ વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.આર. ગામેતી, વી.આર.જોરીયા અને એચ.વી. રોયેલા સહિતના પોલીસ સ્ટાફ દ્વારા પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ આવાસ વિસ્તારોમાં ફ્લેટ, પાર્કિંગ તેમજ કમ્પાઉન્ડનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

સિટી-એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા મોહનનગર આવાસ, લાલવાડી આવાસ, કૌષનગર આવાસ, જૂનો લાલવાડી આવાસ અને સાધના કોલોની આવાસ સહિતના વિવિધ આવાસ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી શંકાસ્પદ હિલચાલ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, રોમિયોગીરી કરતા ઈસમો તેમજ બહારથી આવીને વસવાટ કરતા લોકો અંગે જરૂરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત સિટી-એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલા લિસ્ટેડ બૂટલેગરોના રહેણાંક સ્થળોની પણ તપાસ કરવામાં આવી હતી.

આ સમગ્ર કામગીરીનો મુખ્ય હેતુ આવાસ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, અસામાજિક તત્વો પર નજર રાખી શકાય અને સ્થાનિક રહેવાસીઓમાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત બને તેવો હતો. ઉપરાંત આવાસ વિસ્તારમાં રહેતી મહિલાઓ તેમજ સ્થાનિક રહેવાસીઓને ખાસ અપીલ કરવામાં આવી હતી કે, કોઈપણ પ્રકારની તકલીફ કે સમસ્યા હોય તેમજ કોઈપણ પ્રકારની ગેરકાયદેસર કે શંકાસ્પદ પ્રવૃત્તિ, રોમિયોગીરી, દારૂ-જુગાર સહિતની ગેરપ્રવૃત્તિઓ ધ્યાને આવે તો તેની જાણ પોલીસને કરવા અપીલ કરવામાં આવી હતી. આ કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# જામનગરમાં જૂના મનદુ:ખમાં ત્રણ વ્યક્તિ પર ચાર શખ્સોનો તલવાર-કુહાડીથી હુમલો

જામનગર : જામનગરના કલાવડના નાકા બહાર આવેલ કલ્યાણચોક વિસ્તારમાં મેડિકલ પાસે જૂની બોલાચાલીનો ખાર રાખી ચાર શખ્સોએ ધસી આવી તલવાર અને કુહાડી વડે હુમલો કરતાં ત્રણ વ્યક્તિને ઈજા પહોંચી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

ફરિયાદી સીરાજ જુમાભાઈ ખીરા નામના યુવાનના જણાવ્યા મુજબ તેઓ તેમના મિત્ર કાસીમ સાજીદભાઈ જુણેજા સાથે કલ્યાણચોક ખાતે મહાદેવ મેડિકલમાં દવા લેવા ગયા હતા. દરમિયાન સમીર ગફારભાઈ સમા ત્યાં આવી સીરાજ સાથે ગાળાગાળી કરી બોલાચાલી કરી ચાલ્યો ગયો હતો. ત્યારબાદ સીરાજે પોતાના મોટા ભાઈ દિલાવરભાઈને ફોન કરી બોલાવ્યા હતા.

આ દરમિયાન સમીરના કાકા ફીરોઝભાઈ દલ ત્યાં આવી સીરાજ તથા કાસીમ સાથે ગાળાગાળી કરવા લાગ્યા હતા. દિલાવરભાઈ પણ ત્યાં આવી સમજાવટ કરી રહ્યા હતા ત્યારે સમીર તલવાર, રઝાક બોદુભાઈ દલ કુહાડી તથા સકીલ બોદુભાઈ દલ સાથે રિક્ષામાં ત્યાં આવ્યા હતા અને ચારેય શખ્સોએ ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો.

જેમાં આરોપી સમીરે તલવારથી કાસીમ પર હુમલો કરતાં સીરાજ વચ્ચે બચાવવા જતાં તલવારના ઘા તેના બંને હાથની આંગળીઓમાં વાગતાં લોહી નીકળ્યું હતું.

ત્યારબાદ રઝાકે કુહાડી વડે કાસીમના જમણા ખભા પર ઘા મારતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. દિલાવરભાઈ વચ્ચે પડતાં સમીરે તેમના જમણા હાથમાં તલવારનો ઘા માર્યો હતો. આ પછી ચારેય શખ્સોએ ભેગા મળી સીરાજ તથા સાહેદોને ઢીકાપાટુ અને લાતો મારી માર માર્યો હતો. હુમલાની ઘટનાથી લોકો એકત્ર થતાં સમીર તથા રઝાકે ફરી ક્યાંય ભેગા થયા તો જાનથી પતાવી દેવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવમાં પોલીસે ચારેય હુમલાખોર આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સ્થાનિક તંત્ર ઊંઘતું રહ્યુંને રેન્જ આઈજીની ટીમ ત્રાટકી

# જામજોધપુર પંથકમાંથી ખનીજ લાઈમ સ્ટોનનુ ખનન પકડાયું : રૂ.૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

જામનગર : ગેરકાયદે ખનિન માટે વર્ષોથી બદનામ એવા જામજોધપુર પંથકમાં રાજકોટ રેન્જ આઈજીની ટીમે દરોડો પાડ્યો હતો. સ્થાનિક તંત્ર ઊંઘતું રહ્યું અને શેઠવડાળાના ભોજાબેડી ગામેથી ગેરકાયદેસર ખનીજ લાઈમ સ્ટોનનુ ખનન કરતા બે હિટાચી મશીન, બે ટ્રક સહિત રૂ.૧.૪૦ કરોડનો મુદ્દામાલ રાજકોટ રેન્જ આઈજીની ટીમે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર જિલ્લાના શેઠવડાળા પોલીસ મથક હેઠળના આવતા જામજોધપુર તાલુકાના ભોજાબેડી ગામે રાજકોટ રેન્જની ટીમે રેડ પાડી હતી. આ દરમિયાન તપાસમાં લીઝ ધારક લખમણ દેવશીભાઈ ચાવડાના લીઝ વિસ્તારમાંથી ગેરકાયદેસર ખનીજ લાઈમ સ્ટોનના પરીવહનનું કારસ્તાન સામે આવ્યું હતું. પોલીસ દ્વારા કરતા ટ્રક ડ્રાઈવર પીયુષ કારાભાઈ રાઠોડ (રહે.કુતીયાણા જી.પોરબંદર) અને. રોહીત રણછોડભાઈ ધાંગડ તથા હિટાચી મશીનના ચાલક રાજુ બ્રીજબીહારી યાદવ (રહે.ભોજાબેડી સીમ વિસ્તાર જામજોધપુર) અને મોતીલાલ ગોવીદરાય યાદવ (રહે.ભોજાબેડી સીમ વિસ્તાર જામજોધપુર) ને હસ્તગત કરી ખાણ ખનીજના અધિકારીઓને જાણ કરાઈ હતી. ટીમ દ્વારા જરુરી રોજ કામ કરાવી કુલ રૂ.૧.૪૦ કરોડ નો મુદ્દામાલ સિઝ કરી આગળની કાર્યવાહી અર્થે શેઠવડાળા ખાતે સોંપી દંડાત્મક કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# દરેડમાં મકાનના લાઈટ બિલ ભરવાના પ્રશ્ને યુવક પર ત્રણ શખ્સો હુમલો

જામનગર : દરેડ વિસ્તારમાં મકાનના લાઈટ બિલના રૂ.૨,૦૫૦ ભરવાના મુદ્દે થયેલી બોલાચાલી બાદ એક યુવક ઉપર ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કર્યાની ફરિયાદ પંચ-બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

દરેડ મસીતીયા રોડ, ઈન્દિરા કોલોની શેરી નં.૧માં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા ધર્મેન્દ્રભાઈ માધવજીભાઈ પરમારે દરેડ પ્રાથમિક શાળાની બાજુમાં આવેલું તેમનું બીજું મકાન આશરે ચાર માસ પહેલાં રાજેશભાઈ ભુપતભાઈ કાપડીને ભાડે આપ્યું હતું. મકાનનું લાઈટ બિલ સમયસર ભરવામાં આવતું ન હોવાથી તા.૧૦ ઓગસ્ટે મકાન ખાલી કરાવ્યું હતું.

દરમિયાન તા.૨૩ ઓગસ્ટની રાત્રે ધર્મેન્દ્રભાઈએ રાજેશભાઈને ફોન કરી બાકી રહેલા રૂ.૨,૦૫૦નું લાઈટ બિલ ભરવા જણાવ્યું હતું. આ મુદ્દે બંને વચ્ચે ફોન પર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં રાજેશભાઈ કાપડી, તેના ભાણેજ ધાર્મીક શૈલેષભાઈ ગોંડલીયા અને મનોજ શૈલેષભાઈ ગોંડલીયા સી.એન.જી. રિક્ષા નં. જી.જે.૧૦-ટી.ઝેડ.૪૩૩૧માં ધર્મેન્દ્રભાઈના ઘર પાસે આવ્યા હતા. અને ત્રણેય શખ્સો ગાળો બોલવા લાગ્યા હતા અને લાઈટ બિલના પૈસા ભરવાના નથી, તારાથી થાય તે કરી લેજે તેમ કહી ઝઘડો કર્યો હતો. અને લોખંડના પાઈપ વડે હુમલો કરતા ધર્મેન્દ્રભાઈને માથામાં ઈજા થતાં જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા.

જ્યારે હુમલાખોર બનાવ ત્યાંથી નાશી ગયા હતા. આ બનાવ અંગે ધર્મેન્દ્રભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય હુમલાખોર સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં મારામારી અને એસ્ટ્રોસીટીના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો



જામનગર : જામનગર જિલ્લા પોલીસ વડા ડૉ. રવિ મોહન સૈની દ્વારા વધુમાં વધુ નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેના અનુસંધાને એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ એસ્કોન્ડર/પેરોલ-ફર્લો સ્ક્વોડના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.વી. ભાટીયા તથા સ્ટાફ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા જરૂરી વર્કઆઉટ હાથ ધરવામાં આવી રહ્યું હતું.

દરમિયાન સ્ટાફના કરણસિંહ જાડેજા, સુરેશભાઈ ડાંગર, ગજેન્દ્રસિંહ જાડેજા, લખધીરસિંહ જાડેજા, દિલીપસિંહ જાડેજા તથા દિવ્યરાજસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે જામનગર સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા આરોપી રાકેશ બળવંતરાય જોષી, રહે. નવી ભચાઉથી ઝડપી લઈ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપી આપવામાં આવ્યો છે.

# મેઘપર-પડાણામાં ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડા બે તબીબ ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર નજીક મેઘપર (પડાણા) ગામમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે દરોડો પડી ડિગ્રી વિના દર્દીઓની સારવાર કરી દવાઓ આપતા બે ઘોડા તબીબોને ઝડપી લઈ બંને સ્થળેથી દવાઓ તથા તબીબી સાધનો મળી કુલ રૂ.૮,૧૭૪નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ મેઘપર ગામની પતરા વાળી માર્કેટમાં સરકારી પાણીની ટાંકી સામે રહેતા શ્રીમંતો પશુપતિ બિસ્વાસ દર્દીઓને તપાસી દવાઓ આપી સારવાર કરતા હોવાનું ધ્યાનમાં આવતાં પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં તેની પૂછપરછ કરતા ડોક્ટરની કોઈપણ જાતની ડીગ્રી મળી આવી ન હતી. જેથી પોલીસે તેની અટકાયત કરી તેના કબજામાંથી રૂ.૪,૩૪૦ની કિંમતની દવાઓ તથા સાધનો કબજે કર્યા હતા.

આ ઉપરાંત મેઘપર ગામની મચ્છી માર્કેટ વિસ્તારમાં દવાખાનું ચલાવતા અવિજીત અધિર બિસ્વાસને ત્યાં દરોડો પડ્યો હતો. જેના પાસે ડોક્ટરની કોઈ ડિગ્રી નહીં હોવા છતાં દર્દીઓને તપાસી દવાઓ આપી સારવાર કરતા હોવાનું સામે આવતા પોલીસે તેની અટકાયત કરી તેના કબજામાંથી રૂ.૩,૮૩૪ની કિંમતની દવાઓ તથા સાધનો મળી આવ્યા હતા.

બંને બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ મથકે મેડિકલ પ્રેક્ટીશનર્સ એક્ટ ૧૯૬૩ની કલમ ૩૦ તથા બી.એન.એસ.ની કલમ ૧૨૫ મુજબ અલગ-અલગ ગુના નોંધવામાં આવ્યા છે.

# જામનગરમાં ચોરાઉ મોટરસાયકલ સાથે તસ્કર બેલડીને દબોચી લેવાઈ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં બનતા વાહન ચોરીના વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની તથા નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન. ઝાલાની સૂચના મુજબ જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરબારગઢ સર્કલ ખાતે વાહન ચકાસણી કરી રહ્યો હતો. તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ધુડાભાઈ મોરી, વિપુલભાઈ જગદીશભાઈ સોનગરા તથા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ ડોડીયાને સંયુક્ત રીતે ખાનગી બાતમી મળી હતી કે બે ઈસમો નંબર પ્લેટ વગરનું શંકાસ્પદ મોટરસાયકલ લઈને સુભાષ શાક માર્કેટ તરફથી દરબારગઢ સર્કલ તરફ આવી રહ્યા છે. જેથી પોલીસે કાળા રંગનું હિરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ અટકાવી તેની તપાસ કરી હતી. મોટરસાયકલના ચેસીસ નંબર અને એન્જિન નંબરની ચકાસણી કરતાં તે વાહન ચોરીના ગુનાનું હોવાનું બહાર આવ્યું હતું. આથી પોલીસે તોફીક દાઉદભાઈ જખરા, ઉંમર વર્ષ ૧૯, રહે. રંગમતી સોસાયટી, નથુપીરની દરગાહ પાસે, જામનગર તથા રેહાન હારૂનભાઈ બ્લોચ, ઉંમર વર્ષ ૧૯, રહે. રબાની પાર્ક, શેરી નંબર ૭, જામનગરને ઝડપી લઈ તેઓ પાસેથી સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કબજે કરી બંને આરોપીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં આગ ભભુકી

## એ.સી.માં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટથી આગ લાગતા ફાયરે આગ કાબૂમાં લીધી : જાનહાની ટળી, ત્રણ લાખના નુકશાનનો અંદાઝ




જામનગર : જામનગર શહેરમાં એમ્યુઝમેન્ટ પાર્ક નજીક આવેલ લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં ગઈકાલે સાંજે એ.સી.માં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગવાની ઘટના બનતાં દોડધામ મચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી એક ફાયર ફાઈટર વાહન દ્વારા આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી આગને સંપૂર્ણપણે કાબૂમાં લઈ લીધી હતી.

મળેલી માહિતી મુજબ, ગઈકાલે સાંજે શહેરના એમ્યુઝમેન્ટ પાર્ક પાસે આવેલ લિટલ સ્ટાર પ્લે સ્કૂલમાં અકસ્માતે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ થતાં એ.સી.માં આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ એક ગાડી સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. અને તાત્કાલિક આગને કાબુમાં લઈ લેતા આગ વધુ ફેલાતી અટકી હતી અને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં આવી હતી. આગની આ ઘટનામાં ફર્નિચર સહિતની વસ્તુઓને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

પ્લે સ્કૂલના માલિક ભરતભાઈ કરંગીયાએ પ્રાથમિક અંદાજ મુજબ આશરે રૂ. ત્રણ લાખનું નુકસાન થયાનું જણાવ્યું છે. સદનસીબે શૈક્ષણિક કામગીરી બંધ હોવાથી ઘટનાસમયે બાળકો કે વિદ્યાર્થીઓ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી.

# અલિયા ગામે મકાનની અગાસીમાંથી દારૂના ૩૨ ચપટા મળી આવ્યા

જામનગર : જામનગર તાલુકાના અલીયા ગામે વિરાણી ચોક વિસ્તારમાં પોલીસે બાતમી પરથી એક રહેણાંક મકાનમસ દરોડો પડ્યો હતો. જ્યાં અગાસીમાંથી વિદેશી દારૂના ૩૨ ચપટા મળી આવતા કબજે કર્યા હતા. જ્યારે મકાનમાલિક હાજર મળી નહિ આવતા ફરારી જાહેર કર્યા છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે અલીયાગામ વિરાણીચોકમાં રહેતા અજય રામાભાઈ મકવાણાના રહેણાક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં મકાનની અગાસીના ખૂણામાંથી પ્લાસ્ટિકની થેલીમાં રાખેલા ભારતીય બનાવટના વિદેશી દારૂના સીલબંધ ૩૨ ચપટા મળી આવ્યા હતા. જેની કુલ કિંમત રૂ. ૩,૨૦૦ ગણવામાં આવી છે. જ્યારે દરોડા સમયે આરોપી અજય રામાભાઈ મકવાણા હાજર મળી આવ્યો ન હતો. જેથી તેમની સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# દ્વારકાના ટોબર ગામના પ્રૌઢનો ટ્રેન હેઠળ પડતું મુકી આપઘાત

દ્વારકા : દ્વારકાના ટોબર ગામના પ્રૌઢે કોઈ અગમ્ય કારણસર ટ્રેન હેઠળ પડતું મુકી આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. બીજીતરફ આ બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા પંથકના ટોબર ગામમાં રહેતા અને મજૂરી કામ કરતા ટપુભા જખરાભા કેર નામના ૫૪ વર્ષના પ્રૌઢે ગઈકાલે વરવાળા ગામે ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર સામે રેલ્વે પાટા ઉપર પસાર થતી ટ્રેન હેઠળ પડતું મુકતા તેઓના જડબાનો ડાબો ભાગ કપાઈ જતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મોતને ભેંટયા હતા આ બનાવની દ્વારકા પોલીસમાં મૃતકના પુત્ર હઠીયાભા ટપુભા કેર દ્વારા જાણ કરવામાં આવતા હે. કો.ડી.ડી .ઝાલા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# કાલાવડના નિકાવામાં અચાનક બેભાન થઈ જતા મહિલાનું મૃત્યુ

જામનગર : કાલાવડ તાલુકાના નિકાવા ગામે નદીના સામા કાંઠે આંબાવાડીમાં ઘાસ કાપી રહેલી એક શ્રમિક મહિલા અચાનક બેભાન થઈ જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.

જાણવા મળતી વિગત મુજબ કાલાવડ તાલુકાના નિકાવા ગામેં રહેતા સોનલબેન રસીકભાઈ વાજલીયા નામની ૩૧ વર્ષીય પરિણીત નિકાવા ગામે નદીના સામા કાંઠે આવેલી આંબાવાડીમાં ઘાસ કાપી રહ્યા હતા. તે દરમિયાન તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સોનલબેનનું મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પતિ રસિકભાઈ વાજલીયાએ પોલીસને જાણ કરતા કાલાવડ ગ્રામ્ય પોલીસ હોસ્પિટલ દોડી જઇ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સિક્કા સોલ્ટ વિસ્તારમાં બંધ વીજલાઈનમાંથી રૂા.૧.૮૦ લાખના કેબલ વાયરની ચોરી

જામનગર : સિક્કા સોલ્ટ વિસ્તારમાં છેલ્લા એકાદ વર્ષથી બંધ હાલતમાં રહેલી પીજીવીસીએલની વીજલાઈનમાંથી અજાણ્યા શખ્સે એલ્યુમિનિયમના વાયર અને કેબલ કાપી કુલ રૂ.૧,૮૦,૪૦૦ની ચોરી કરી હોવાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.

સિક્કા પીજીવીસીએલમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા અમીતભાઈ રમેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, સિક્કા પીજીવીસીએલના ડેપ્યુટી એન્જિનિયર રજા પર હોવાથી તા.૧૭ ઓગસ્ટથી તેમને સિક્કાનો ચાર્જ સોંપવામાં આવ્યો હતો. દરમિયાન તા.૨૫ ઓગસ્ટે સિક્કા પીજીવીસીએલના જુનિયર એન્જિનિયર હિમાંશુભાઈ મોહનભાઈ ડોલરે ફોન કરી સિક્કા સોલ્ટ વિસ્તારમાં વીજતારની ચોરી થયાની જાણ કરી હતી.

જેથી ડેપ્યુટી એન્જિનિયર સ્થળ પર પહોંચ્યા ત્યારે બે થાંભલા વચ્ચેના એક ગાળા સહિત કુલ ૪૫ ગાળામાં આશરે ૫૪૦૦ મીટર એલ્યુમિનિયમનો એલટી વાયર ગાયબ હોવાનું જણાયું હતું, જેની કિંમત રૂ.૧,૩૪,૪૦૦ ગણવામાં આવી છે. ઉપરાંત ૧૧ કે.વી. વીજલાઈનના સાત ગાળામાંથી આશરે ૮૪૦ મીટર એલ્યુમિનિયમનો એચટી વાયર, જેની કિંમત રૂ.૩૮,૦૦૦ તેમજ આશરે સાત મીટર એક્સએલપીઈ કેબલ, જેની કિંમત રૂ.૮,૦૦૦ ગણવામાં આવી છે. આમ કુલ રૂ.૧,૮૦,૪૦૦ની કિંમતનો વીજવાયર અને કેબલ કોઈ અજાણ્યો શખ્સ કાપી ચોરી કરી ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ અંગે અમીતભાઈ પરમારે સિક્કા પોલીસ મથકમાં અજાણ્યા ચોર શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ મહીપતસિંહ જાડેજાને સોંપી છે.

# કલ્યાણપુરના મેવાસામાં બોકસાઈટનું ગેરકાયદેસર ખનન કરતા ત્રણ વાહન ડિટેઈન

ખંભાળિયા : કલ્યાણપુરના મેવાસા ગામે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી અત્રે ચાલતા ગેરકાયદેસર બોકસાઈટના ખનનનો પર્દાફાશ કર્યો હતો જેમાં ત્રણ વાહન ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



પ્રાપ્ત માહિતી પ્રમાણે કલ્યાણપુર મેવાસા ગામની સીમમાં બોકસાઈટનું ગેરકાયદેસર ખનન થતું હોય તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડી બોકસાઈટ નું ખનન અને વહન કરતા જી. જે. ૧૦. એક્સ. ૬૧૨૦ નંબરનું જેસીબી, જી. જે. ૧૬. એક્સ. ૮૨૮૬ તથા જી. જે. ૧૦. ટી. વી. ૮૧૧૯ નંબરના બે ડમ્ફર સહિતનો મુદામાલ કબ્જે લઈ જિલ્લાની ખાણ-ખનીજ વિભાગની કચેરીએ રિપોર્ટ કરતા ખાણ - ખનીજ વિભાગ દ્વારા તમામ મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો.